# જંત્રીના રાહત સાથેના નવા દરો આગામી મહિનાથી લાગુ થવાની શક્યતા

**બે માસમાં** રાજ્ય સરકારને શહેરી વિસ્તારમાંથી 5400 અને ગ્રામ્ય વિસ્તારમાંથી 4900થી વધુ વાંધા અરજી મળી છે

ગાંધીનગર : મહેસૂલ વિભાગ દ્વારા નવી જંત્રી અંગે સ્થાનિક લોકોની રજૂઆતો સાંભળીને હવે પોતાનો રિપોર્ટ રાજ્ય સરકારને સુપરત કરી દીધો છે. જે હવે સીએમ ભૂપેન્દ્ર પટેલની વિચારણા માટે રજૂ કરાયો છે. સચિવાલયમાંથી મળતી માહિતી મુજબ રાહતો સાથે આગામી તા.30મી માર્ચના રોજ નવા જંત્રીના દરો જાહેર થઈ શકે છે. જંત્રીના નવા દરો તા.1લી એપ્રિલના રોજ અમલી બની જશે.

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ તથા સુપરિન્ટેડન્ટ સ્ટેમ્પસને અંદાજિત 11000 વાંધા અરજીઓ જંત્રીના દરોમાં ફેરફાર માટે મળી છે , જ્યારે 6000 અરજીઓ જંત્રીના દર ઘટાડવા માટે મળી છે. મુખ્યમંત્રી કક્ષાએ આખરી નિર્ણય થતા જંત્રીના નવા દર જાહેર કરાશે. સીએમ ભૂપેન્દ્ર પેટલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં પણ નવી જંત્રી અને તેને લાગુ કરવા સંદર્ભે મહત્વની ચર્ચા થઈ હતી. જેમાં જંત્રીના ભાવમાં ઘટાડો કરવા અંગે ચર્ચા થઈ હતી. બેઠકના અંતે નિર્ણય લેવાયો કે, જંત્રીના નવા દર જાહેર કરવામાં આવશે. છેલ્લા બે માસમાં રાજ્ય સરકારને કુલ 11,046 જેટલા વાંધા સૂચનો મળ્યા છે. જેમાંથી 5400 જેટલા શહેરી વિસ્તારમાંથી જ્યારે 4900 થી વધુ ગ્રામ્ય વિસ્તારમાંથી આવ્યા છે. રાજય સરકાર દ્વારા પ્રારંભમાં જંત્રીના દરો જાહેર કર્યા બાદ વાંધા સૂચનો મંગાવવા માટે 20/12/2024 સુધીની અવધિ રાખવામાં આવી હતી. જે જાહેર હિતને ધ્યાને લઈને તા. 20/01/2025 સુધી લંબાવવામાં આવી હતી. વધુમાં ઓનલાઈનની સાથે ઓફલાઈન પણ વાંધા - સૂચનો મેળવવાની વ્યવસ્થા કરાઇ હતી.

રાજ્ય સરકાર દ્વારા નવી જંત્રીના સૂચિત દરો જાહેર કર્યા બાદ સમગ્ર રાજ્યમાં જંત્રીના દરમાં જંગી વધારો સૂચવાયો છે, જેના પગલે પ્રોપર્ટીના ભાવો પણ આસમાને પહોંચી જવાની ભીતિ વ્યકત્ત કરાઈ હતી. તાજેતરમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વિધાનસભામાં રજૂ કરાયેલા 2005-26ના બજેટમાં પણ જંત્રી વધારા મામલે રાહત આપતી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. પરિણામે 1લી એપ્રિલથી નવા દરો અસ્તિત્વમાં આવે તેવી શક્યતા છે. રાજ્યમાં છેલ્લે વર્ષ 2011માં જંત્રીના સર્વે બાદના નવા દરો લાગુ થયા હતા.

## હોળી- ધુળેટીને પગલે ધો.10 અને ધો.12ની પરીક્ષાની ઉત્તરવહીના મૂલ્યાંકનમાં ફેરફાર

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12 ની પરીક્ષાઓની ઉત્તરવહીનું મુલ્યાંકન કામગીરી તા. 11મી માર્ચથી મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર શરૂ થઈ છે. હોળી અને ધુળેટી બે દિવસ મૂલ્યાંકન કામગીરીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12ની સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહની ઉત્તરવહી પરીક્ષણની કામગીરી જુદા જુદા મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો ઉપર 11મી માર્ચથી શરૂ થઈ છે. કામગીરી દિવસ દરમિયાન થતી હોય છે, પરંતુ આવતીકાલ તારીખ 13મી માર્ચના રોજ હોળી હોવાથી મૂલ્યાંકન કેન્દ્રો ઉપર સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને સવારે 7.30 થી બપોરે 1:00 વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે. જ્યારે 14 મી માર્ચના રોજ ધુળેટી હોવાથી રજા જાહેર કરવામાં આવી છે. જેથી પરીક્ષણ કાર્ય બંધ રહેશે.

# નેપાળમાં રાજાશાહીને પાછી લાવવાનાં આંદોલન પાછળ ભારતનો દોરીસંચાર છે?



**ટુ ધ પોઇન્ટ** — સમકિત શાહ

દુનિયાના મોટા ભાગના દેશોમાંથી રાજાશાહી નાબૂદ થઈ ગઈ છે ત્યારે નેપાળમાં રાજાશાહીની માંગણી કરવામાં આવી રહી છે. નેપાળ આ દિવસોમાં અનેક પ્રકારની રાજકીય ઉથલ-પાથલમાંથી પસાર થઈ રહ્યું છે. ગયા બુધવારે નેપાળની રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી (RPP) એ કાઠમંડુમાં એક બાઇક રેલીનું આયોજન કર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો રાજાશાહીને પાછી લાવવાની માગણી સાથે એકઠા થયા હતા. આ રેલીમાં આરપીપીના પ્રમુખ રાજેન્દ્ર લિંગડેને કહ્યું કે સંઘીય સરકારનો અંત આવવો જોઈએ કારણ કે તે ભ્રષ્ટ વ્યવસ્થાને મજબૂત બનાવી રહી છે. આરપીપીને નેપાળના ભૂતપૂર્વ રાજા જ્ઞાનેન્દ્રનું સમર્થન છે. આ રેલીમાં લોકો નેપાળીમાં સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા કે ‘નારાયણહિટી ખાલી ગર, હમરો રાજા આઉંડાઇ છાન’ એટલે કે નારાયણહિટી ખાલી કરો, આપણો રાજા આવી રહ્યો છે. નારાયણહિટી એ રાજમહેલ છે જે કાઠમંડુમાં આવેલો છે અને જેમાં રાજા જ્ઞાનેન્દ્ર રહેતા હતા. ૨૦૦૮ માં જ્યારે નેપાળમાં રાજાશાહીની વ્યવસ્થાનો અંત આવ્યો અને પ્રજાસત્તાક અસ્તિત્વમાં આવ્યું ત્યારે તેને સંગ્રહાલયમાં રૂપાંતરિત કરવામાં આવ્યું હતું. નારાયણહિટીમાં એક પ્રજાસત્તાક સ્મારક પણ બનાવવામાં આવ્યું હતું. અગાઉ નેપાળના ભૂતપૂર્વ રાજા જ્ઞાનેન્દ્રનું ગલેશ્વર ધામ અને બાગલંગ કાલિકા ખાતે મોટી સંખ્યામાં લોકોએ સ્વાગત કર્યું હતું. આમાં ઘણા લોકોએ જોરશોરથી નારા લગાવ્યા હતા કે ‘રાજા આવો, દેશ બચાવો.’

ગુરુવારે પોખરામાં ભૂતપૂર્વ રાજા બિરેન્દ્રની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. પ્રતિમાનું અનાવરણ કરવાના સમારંભમાં નેપાળના ભૂતપૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર આવ્યા હતા. ત્યાં હાજર રહેલા પત્રકારોનું કહેવું છે કે આ પ્રસંગે લગભગ ત્રણ હજાર લોકોની ભીડ હાજર હતી. પ્રતિમાનું અનાવરણ કરતી વખતે ત્યાં હાજર રહેલા લોકોએ રાજાશાહી સમયનું નેપાળનું રાષ્ટ્રગીત ગાયું હતું. આ કાર્યક્રમમાં હાજર રહેલા પોખરાના સ્થાનિક પત્રકાર રોહિત પરજુલેએ જણાવ્યું હતું કે ભીડ ત્રણ હજારથી વધુ લોકોની હતી. મોટા ભાગની ભીડ યુવાન દેખાતી હતી. રાજા જ્ઞાનેન્દ્રએ રાજા બિરેન્દ્રની પ્રતિમાનું અનાવરણ કરતાંની સાથે જ ભીડે રાજાશાહીનું રાષ્ટ્રગીત ગાયું હતું. આ ભીડમાં ધાર્મિક જૂથો સાથે સંકળાયેલા ઘણા લોકો અને આરપીપીના કાર્યકરો પણ સામેલ હતા.

રાજાશાહી દરમિયાન નેપાળ એક હિન્દુ રાષ્ટ્ર તરીકે જાણીતું હતું. ત્યારે નેપાળ વિશ્વનું એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર હતું. ૨૬ મે, ૨૦૦૬ના રોજ, તત્કાલીન ભાજપ પ્રમુખ રાજનાથ સિંહે કહ્યું હતું કે નેપાળની મૂળભૂત ઓળખ હિન્દુ રાષ્ટ્રની છે અને આ ઓળખને ઝાંખી પડવા દેવી જોઈએ નહીં. માઓવાદીઓના દબાણમાં નેપાળ પોતાની મૂળ ઓળખ ગુમાવશે તો ભાજપ ખુશ નહીં થાય. ૨૦૦૮ માં જ્યારે લાંબા આંદોલન પછી નેપાળમાં રાજાશાહીનો અંત આવ્યો ત્યારે લોકશાહી સ્થાપિત થઈ હતી અને નવું બંધારણ બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. સપ્ટેમ્બર ૨૦૧૫ માં નેપાળે તેનું નવું બંધારણ લાગુ કર્યું હતું અને તેમાં નેપાળને ધર્મનિરપેક્ષ રાજ્ય જાહેર કરવામાં આવ્યું ત્યારે ભારતમાં નરેન્દ્ર મોદીની સરકાર શાસન કરતી હતી, જેમને હિન્દુત્વ વિચારધારા ધરાવતી પાર્ટીના પોસ્ટર બોય માનવામાં આવતા હતા. નેપાળ એક ભૂમિગત દેશ છે અને ભારત પર નિર્ભર છે. નેપાળ ત્રણ બાજુથી ભારતથી ઘેરાયેલું છે અને તેની સરહદ ચીન સાથે જોડાયેલી છે. ભારતીય રાજકારણમાં જેનો પણ હાથ ઉપર હોય તેની સીધી અસર નેપાળ પર પણ પડે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નેપાળમાં લોકો વર્તમાન સરકારથી ખૂબ જ નિરાશ છે અને આનાથી રાજાશાહીના સમર્થકોને તક મળી છે. જો નેપાળમાં કંઈ થાય તો બધાની નજર ભારત પર હોય છે. રવિવારે કાઠમંડુમાં જ્ઞાનેન્દ્રનું સ્વાગત કરવા માટે એકઠી થયેલી ભીડમાં, એક માણસ જ્ઞાનેન્દ્રનો ફોટો અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો ફોટો લઈને ઊભો હતો.

યોગી આદિત્યનાથની તસવીર જોયા બાદ નેપાળમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું આ આંદોલન પણ ભારત સાથે સંબંધિત છે? નેપાળના વડા પ્રધાન કે.પી. શર્મા ઓલીની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળની સેન્ટ્રલ કમિટીના સભ્ય વિષ્ણુ રિજાલે રાજા જ્ઞાનેન્દ્ર અને યોગી આદિત્યનાથની તસવીર શેર કરતા લખ્યું કે ‘‘આ ૧૯૫૦નો યુગ નથી, જ્યારે ભારતે ભારતીય દૂતાવાસમાં આશ્રય લેવા માટે દિલ્હી પહોંચેલા ત્રિભુવન શાહને ગાદી પર પુનઃસ્થાપિત કર્યા હતા. જનઆંદોલન પછી રાજાશાહીમાંથી હાંકી કાઢવામાં આવેલા જ્ઞાનેન્દ્ર ફરીથી ગાદી માટે દાવો ન કરે તો સારું રહેશે. એ જ યોગી, જેમનો ફોટો વિરોધ પ્રદર્શન માટે ઉપયોગમાં લેવાયો હતો, તેમણે જ્ઞાનેન્દ્રને કુંભ મેળામાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું ન હતું, ભલે તે જ કુંભ મેળામાં ૫૦ કરોડ લોકોએ ડૂબકી લગાવી હતી. આ તે સમય છે જ્યારે રાજા જ્ઞાનેન્દ્ર પોતાને હિન્દુ હૃદયસમ્રાટ કહે છે. પ્રજાસત્તાકનો વિરોધ કરતા જ્ઞાનેન્દ્રે તેને વિદેશીઓની વ્યવસ્થા ગણાવી હતી.

આમ કહીને તેમણે માત્ર જનતાનું અપમાન કર્યું નથી, પરંતુ ફરીથી રાજા બનવા માટે તેમણે વિદેશીઓ સાથે સોદાબાજી કરીને તેમના કહેવાતા રાષ્ટ્રવાદનું મહોરું પણ સંપૂર્ણપણે ઉતારી દીધું છે.’’ નેપાળની ઘટનાઓ પર ભારતની ચાંપતી નજર છે, કારણ કે જો નેપાળમાં રાજાશાહી પાછી આવે અને તેને હિન્દુ રાષ્ટ્ર તરીકે જાહેર કરવામાં આવે તો તેનો પ્રભાવ ભારતની રાજનીતિ પર પણ પડી શકે છે.

આરપીપીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ રવિન્દ્ર મિશ્રાને પૂછવામાં આવ્યું કે તેઓ નેપાળમાં રાજાશાહી કેમ પાછી લાવવા માંગે છે? તેના જવાબમાં મિશ્રા કહે છે કે નેપાળમાં હાલમાં જે વ્યવસ્થા છે તેનાથી લોકોનો ભ્રમ ભાંગી ગયો છે. હવે લોકો જૂના દિવસો યાદ કરી રહ્યા છે. લોકશાહીનાં ૧૭ વર્ષ પછી રાજા જ્ઞાનેન્દ્ર હવે નેપાળમાં ખલનાયક નથી રહ્યા. હવે જ્ઞાનેન્દ્ર જ્યાં પણ જાય છે, ત્યાં લોકોની ભીડ ભેગી થાય છે. રવિન્દ્ર મિશ્રાને પૂછવામાં આવ્યું કે જો જ્ઞાનેન્દ્ર નેપાળની લગામ પોતાના હાથમાં લેવા ઇચ્છે છે, તો તેઓ ચૂંટણીનાં રાજકારણમાં કેમ પ્રવેશતા નથી? મિશ્રા કહે છે કે તેઓ નેતા નહીં, પણ રાજા બનવા માંગે છે. ચૂંટણીના રાજકારણ દ્વારા કોઈ રાજા બનતું નથી. આ ભારતના હિતમાં પણ છે, કારણ કે સામ્યવાદી શાસનમાં ભારત વિરોધી ભાવના વધી રહી છે. હવે નેપાળમાં લોકો રાજાશાહીને પાછી લાવવા માટે રસ્તાઓ પર ઉતરી રહ્યા છે.

શું નેપાળ ફરીથી રાજાશાહી તરફ આગળ વધી રહ્યું છે? લોકપ્રિય નેપાળી અખબાર કાંતિપુરના સંપાદક ઉમેશ ચૌહાણ કહે છે કે નેપાળના લોકોમાં વર્તમાન સરકાર પ્રત્યે નિરાશા છે. લોકો પણ ગુસ્સે છે. અહીંના લોકો વૈકલ્પિક રાજકારણ શોધી રહ્યા છે, પરંતુ હાલમાં કોઈ નક્કર વિકલ્પ દેખાતો નથી. આવી સ્થિતિમાં, રાજાશાહીના સમર્થકો આ અસંતોષનો ઉપયોગ કરીને તેને સંગઠિત કરવા માંગે છે. મને નથી લાગતું કે આ અસંતોષ રાજાશાહીના પક્ષમાં જશે. ઉમેશ ચૌહાણ કહે છે કે જ્ઞાનેન્દ્ર આરપીપીને ટેકો આપે છે પણ તેમને જાહેર સમર્થન કેટલું મળે છે? જો જ્ઞાનેન્દ્ર આરપીપીમાં જોડાય અને પોતે ચૂંટણી લડે તો પણ તેઓ જીતી શકશે નહીં. વધુમાં વધુ આરપીપીને મળતા પાંચ લાખ મતો ૧૦ લાખ થઈ જશે. આનાથી વધુ કંઈ થવાનું નથી. નેપાળમાં આરપીપીના કુલ ૧૪ સાંસદ છે. આમાંથી સાત ચૂંટણી પ્રક્રિયા દ્વારા અને સાત પ્રમાણસર પ્રક્રિયા દ્વારા ચૂંટાયા છે. નેપાળની સંસદમાં કુલ ૨૭૫ સાંસદો છે. આમાંથી ૧૬૫ ચૂંટણી પ્રક્રિયા દ્વારા અને ૧૧૦ પ્રમાણસર પ્રક્રિયા દ્વારા ચૂંટાય છે. શક્ય છે કે જ્ઞાનેન્દ્રના સમર્થકો નારાયણહિટીનો દરવાજો તોડીને જ્ઞાનેન્દ્રને ત્યાં બેસાડી દે, પરંતુ તે પછી શું થશે તેની તમે કલ્પના પણ કરી શકતા નથી.

રાજાશાહી વ્યવસ્થા અને લોકશાહી વ્યવસ્થાની તુલના કરતી વખતે એક સામાન્ય નેપાળી કયા નિષ્કર્ષ પર પહોંચે છે? ઉમેશ ચૌહાણ કહે છે કે મને લાગે છે કે તે ગૂંચવણભર્યું બની જાય છે. એક સામાન્ય નેપાળી ગુસ્સામાં કહી શકે છે કે રાજાશાહી સારી હતી, પણ મને નથી લાગતું કે આ ગુસ્સો કોઈ પણ નિર્ણય પર પહોંચવા માટે પૂરતો છે. નેપાળના વરિષ્ઠ પત્રકાર ચંદ્રકિશોર પણ માને છે કે બધી અસંતોષ છતાં, નેપાળમાં ક્યારેય રાજાશાહી આવશે નહીં. પણ જ્ઞાનેન્દ્ર જ્યાં પણ જઈ રહ્યા છે ત્યાં આટલી મોટી ભીડ કેમ એકઠી થઈ રહી છે? ચંદ્રકિશોર કહે છે કે જ્યારે જ્ઞાનેન્દ્ર રાજા હતા, ત્યારે તેઓ લોકોથી ખૂબ દૂર હતા. સામાન્ય જનતાએ તેમને ક્યારેય જોયા નહોતા. આવી સ્થિતિમાં, જ્યારે તે સામાન્ય લોકોમાં જોવા મળે છે, ત્યારે લોકોની ભીડ એકઠી થઈ જાય છે.

**શું નેપાળ ફરીથી રાજાશાહી તરફ આગળ વધી રહ્યું છે? લોકપ્રિય નેપાળી અખબાર કાંતિપુરના સંપાદક ઉમેશ ચૌહાણ કહે છે કે નેપાળના લોકોમાં વર્તમાન સરકાર પ્રત્યે નિરાશા છે**

## બે વર્ષમાં ખેડા જિલ્લાના ૨,૨૪૬ ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય અપાણી

ગાંધીનગર : છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના ૨,૨૪૬ ખેડૂત લાભાર્થીઓને સ્માર્ટ ફોન સહાય યોજના હેઠળ રૂ. ૧૦૦ લાખથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરતના ખેડૂતો હવામાન-વરસાદની આગાહી, સંભવીત રોગ-જીવાત ઉપદ્રવ અને તેના નિયંત્રણ માટેની માહિતી, ખેડૂત ઉપયોગી પ્રકાશનો, નવીનતમ ખેત પદ્ધતિ તેમજ સરકારની કૃષિલક્ષી યોજનાઓની માહિતી ફોનના માધ્યમથી સરળતાથી મેળવી શકે તેવા શુભ આશય સાથે આ યોજના અમલમાં આવી છે.

ભવિષ્યમાં ગુજરાતનાં ખેડૂતો મોબાઈલ એપ્લીકેશન પર નોંધણી કરીને પોતાના ખેતરને જીઓ રેફેરેંસિન્ગ દ્વારા માર્ક કરી શકશે. સેટેલાઈટ ઈમેજ પ્રોસેસીંગના માધ્યમથી ખેડૂતોને ખેતરમાં વાવેતર કરેલા પાકના સ્વાસ્થ્યની વિગત સમગ્ર સીઝન દરમિયાન મળશે.

## અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીનગર અને રાજકોટમાં ૭ વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ બનશે

**નજીવા** ખર્ચે સુરક્ષિત વાતાવરણ સાથે ભોજનાલયની વ્યવસ્થા : પ્રફુલ્લા પાનશેરિયા

ગાંધીનગર : આજે ગુજરાત વિધાનસભામાં મહિલા અને બાળ વિકાસ વિભાગની રૂ. ૭,૬૬૮.૦૩ કરોડની અંદાજપત્રીય માંગણીઓ પસાર થઇ હતી. આ માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા મહિલા અને બાળ વિકાસ મંત્રી વતી રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જવાબ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓને પૂર્ણ સન્માન અને દરેક ક્ષેત્રે સમાન તકો મળે એ ગુજરાત સરકારની નેમ છે.

પીએમ નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે માતૃશક્તિને પૂરતું મહત્ત્વ આપીને “મહિલા સશક્તિકરણ”ને હરહંમેશ સરકારનું કેન્દ્રબિંદુ રાખ્યું છે. તેમણે ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, મહિલા દિવસ નિમિત્તે નવસારી ખાતે વડાપ્રધાનની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી રાજ્યની મહિલાઓએ સંભાળી હતી. આ ઉપરાંત મા દુર્ગાના વાહન એવા ગીરના સિંહોની સુરક્ષામાં પણ મહિલા વનકર્મીઓ પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

અંદાજપત્રીય જોગવાઈ પર પાનશેરિયાએ કહ્યું હતું કે મહિલાઓ પોતાના ગામ-શહેરથી દૂર જઇને અન્ય શહેરોમાં કામગીરી કરી રહી છે. આવી વર્કિંગ મહિલાઓ માટે રાજ્ય સરકારે અમદાવાદમાં ૧, વડોદરામાં ૨, સુરતમાં ૨, ગાંધીનગરમાં ૧ અને રાજકોટમાં ૧ મળી કુલ ૭ વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ બનાવવાનું આયોજન કર્યું છે. જ્યાં વર્કિંગ મહિલાઓને નજીવા ખર્ચે સંપૂર્ણ સુરક્ષિત વાતાવરણ સાથે ભોજનાલય ઉપરાંતની તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. રાજ્યની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના દ્વારા ગુજરાતની ૧૬.૪૯ લાખથી વધુ ગંગા સ્વરૂપા બહેનોને દર મહિને રૂ.૧,૨૫૦ની સહાય, એટલે કે, વાર્ષિક રૂ. ૧૪ કરોડથી વધુની સહાય આ ગંગા સ્વરૂપા બહેનોના બેંક ખાતામાં જમા થઈ રહી છે. આ સાચું નારી સન્માન છે.

મહિલાઓને હિંસાથી બચાવવા અને કાયદાકીય સહાય ઉપરાંત આશ્રય આપવા માટે રાજ્યમાં ૩૫ સખી વન સ્ટોપ કેન્દ્રો કાર્યરત છે. આ ઉપરાંત દીકરીઓના જન્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા વ્હાલી દીકરી યોજના કાર્યરત છે. જે અંતર્ગત એક દીકરીને વિવિધ તબક્કે મળી કુલ રૂ. ૧.૧૦ લાખની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી રહી છે.

# BUSINESS મિત્ર

**ટેરિફ વોરની અનિશ્ચિતતાથી વૈશ્વિક બજારોમાં ઉથલપાથલ**

# બેઉતરફી વધઘટે સેન્સેક્સ-નિફ્ટી નજીવા ઘટાડા સાથે બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 12:** ભારતીય શેરબજાર આજે ખુલતાની સાથે જ દબાણમાં આવી ગયા હતા. છેલ્લે બેઉતરફી વધઘટ સાથે નજીવા ઘટાડા સાથે સપાટ બંધ રહ્યા હતા. ગઈકાલે મેટલ, રિયલ્ટી, ટેલિકોમ, ઓઈલ એન્ડ ગેસમાં ખરીદીના પગલે 22500ની નજીક રહ્યા હતા. જોકે, આજે નજીવા ઘટાડા સાથે સપાટ બંધ રહ્યા હતા.

ટ્રમ્પે કેનેડા પર સ્ટીલ અને એલ્યુમિનિયમના આયાત પર 50 ટકા ટેરિફ લગાવવાના ઈરાદાથી પાછળ હટી ગઈ છે. કાલે અમેરિકા અને કેનેડાના અધિકારીઓની બેઠ મળી હતી, જ્યારે સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત25 ટકા ટેરિફ આજથી લાગુ કરવામાં આવશે.

ગઈકાલે અમેરિકાના બજારોમાં નરમાઈ જોવા મળી હતી. ઘણા મહિનાઓની મોટી વેચવાલી હતી. રોકાણકારો નવા ટેરિફના ખતરાથી પરેશાન છે, જેના લીધે ડાઉ સહિતના ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 72.56 પોઈન્ટ એટલે કે 0.1 ટકા ઘટીને 74029.76 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74292 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73598 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 27.40 પોઈન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 22470.50 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી22577 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22329 પોઈન્ટ સુધી ઘટી હતી. પ્રાઈવેટ બેન્કોની લેવાલીએ 202.70 પોઈન્ટ એટલે કે 0.42 ટકા વધીને 48056.65 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

### રૂપિયો નજીવો 2 પૈસા સુધર્યો

કરન્સી બજારમાં સાંકડી વધઘટે સપાટ બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો 2 પૈસા સુધરીને 87.29ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 87.22ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 94.79, યુરો94.79, પાઉન્ડ 113.25, કેનેડિયન ડોલર 60.56, ઓસ્ટ્રેલિયન ડોલર 54.94, જાપાનીઝ યેન 0.5866 અને સીંગાપોર ડોલર 65.57ના સ્તરે બંધ રહ્યા હતા.

બ્રોડર માર્કેટમાં વેચવાલી રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.57 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.48 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નેગેટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 1498 શેરો વધ્યા હતા, જ્યારે 2484 શેરો ઘટયા હતા અને 140 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઈ ખાતે ડીવીસ લેબ્સમાં 8.7 ગણા, ઈન્ડસઈન્ડ બેન્કમાં 5.52 ગણા, એકસીસ બેન્કમાં 4.56 ગણા, જીએસપીએલમાં 3.88 ગણા અને કેઈન્સ ટેકનોલોજીમાં 3.75 ગણા કાકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે જીએસપીએલમાં 11.68 ગણા, ધ રેમ્કો સિમેન્ટમાં 7.88 ગણા, આઈસીઆઈસીઆઈ સીક્યુરિટીમાં 6.58 ગણા, ઈન્ડસઈન્ડ બેન્કમાં 4.23 ગણા અને બલરામપુર ચીની મીલ્સમાં 3.81 ગણા કામકાજ નોંધાયા છે.

આઈટી શેરો ઘટ્યા હતા અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 2.91 ટકા ઘટયા હતા. છેલ્લા ચાર ટ્રેડિંગ સેશનમાં 4.80 ટકા ઘટયા હતા. જેમાં એલ એન્ડ ટી ટેકનો, ઈન્ફોસીસ, એલટીઆઈ માઈન્ડટ્રી, વિપ્રો, ટેક મહિન્દ્રા, કોફોર્જ, એમફાસીસ, ટીસીએસ, એચસીએલ ટેકનો અને પરસીસ્ટન્ટ સીસ્ટમ ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ 150 પોઈન્ટ પોઝિટિવ ચાલી રહ્યા છે, જેના લીધે અમેરિકાના બજારો પોઝિટિવ ખુલવાના સંકેતો આપી રહ્યા છે. અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પના સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર 25 ટકા ટેરિફ પર ઝડપથી પ્રતિક્રિયા આપ્યા બાદ યુરોપિયન બજારોમાં સુધારા સાથે ચાલી રહ્યા છે. જેમાં એપ્રિલથી શરૂ થનારી 26 અબજ યુરો મુલ્યની યુએસ ચીજવસ્તુઓ પર કાઉન્ટર ટેરિફની જાહેરાત કરવામાં આવી હતી. આ પગલાનો હેતુ ઈયુના ગ્રાહકો અને વ્યવસાયોને સુરક્ષિત રાખવાનો હતો. વ્હાઈટ હાઉસે પુષ્ટિ કરી હતી કે ટેરિફ કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈયુ અને અન્યને અસર કરશે. તેણે સ્પષ્ટતા કરી હતી કરી હતી કે, ટ્રમ્પ હવે કેનેડિયન ધાતુઓ પરના ટેરિફને 50 ટકા સુધી વધારવાનો ઈરાદો ધરાવતા નથી. ટ્રમ્પે મંદીની ચિંતાઓને ઓછી કર્યા બાદ એશિયન શેરો મિશ્રિત બંધ રહ્યા હતા, જેણે અસ્થિર સત્રને પગલે યુએસ બજારોને મોડી રિકવરી કરવામાં મદદ કરી હતી. જાપાનનો વાર્ષિક જથ્થાબંધ ફુગાવો ફેબ્રુઆરીમાં ચાર ટકાએ પહોંચ્યો હતો, જે અગાઉના મહિને 4.2 ટકાની સાત મહિનાની ઉંચી સપાટીથી ધીમો પડી ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુએસમાં વીજળીની નિકાસ પર ઓન્ટારિયોના નવા 25 ટકા સરચાર્જના જવાબમાં ટ્રમ્પે અણદારી રીતે કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરિફ વધારીને 50 ટકા કર્યો હતો, જે 25 ટકા હતો, તે વધીને 50 ટકા થઈ હયો, જેથી તણાવ વધ્યો હતો, પરંતુ થોડા જ કલાકોમાં ઓન્ટારિયોના પ્રીમિયર ડગ ફોર્ડે સરચાર્જ સ્થગિત કરવા સંમતિ આપી હતી અને વોશિંગ્ટનમાં અમેરિકાના વાણિજ્ય પ્રધાન સાથે વાટાઘાટો નિર્ધારિત કરી હતી. બદલામાં, ટ્રમ્પે ટેરિફ વધારો પાછો ખેંચી લીધો હતો અને કેનેડિયન ધાતુઓ પરના મુળ 25 ટકા દરને પુનઃસ્થાપિત કર્યો હતો.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -72.56 | 74029.76 |
| નિફ્ટી | -27.40 | 22470.50 |
| બેન્ક નિફ્ટી | 202.70 | 48056.65 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 4.38 | 684.70 |
| ટાટા મોટર્સ | 3.12 | 668.30 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.45 | 1982.55 |
| બજાજ ફાઇનાન્સ | 1.73 | 8484.45 |
| આઇટીસી | 1.53 | 412.40 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 4.26 | 1590.85 |
| વિપ્રો | 3.31 | 268.55 |
| ટેક મહિન્દ્રા | 2.77 | 1438.30 |
| નેસલે ઇન્ડિયા | 2.48 | 2195.50 |
| ટીસીએસ | 1.93 | 3506.20 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 4.38 | 684.70 |
| ટાટા મોટર્સ | 3.18 | 668.45 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.45 | 1982.40 |
| બજાજ ફાઇનાન્સ | 1.77 | 8490.05 |
| એચડીએફસી બેન્ક | 1.60 | 1711.85 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 4.28 | 1589.60 |
| ટેક મહિન્દ્રા | 2.80 | 1437.80 |
| નેસલે ઇન્ડિયા | 2.43 | 2196.50 |
| ટીસીએસ | 1.99 | 3503.60 |
| એચસીએલ ટેકનો | 1.91 | 1538.20 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ ’’ | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૯૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૦૦ | વનસ્પતિ ઘી | ૨૫૪૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૩૨૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૮૦ | તલતેલ | ૫૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૮૦ | દિવેલ | ૨૪૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૪૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૮૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૮૮૮૪૦ |
| તેજાબી સોનું | ૮૮૭૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૮૪૪૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૮૭૦૭૫ |
| સોનાનાં બિસ્કીટ | ૮૮૮૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૦૦૭૦૦ |
| ચાંદી સિક્કા | ૧૦૨૨૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

## રેકોર્ડ હાઇથી ભારે વેચવાલીએ વોડાફોન આઇડિયા 64 ટકા તૂટયો

**વોડાફોન**-આઇડિયા અને ઇન્ડસ ટાવર્સમાં વેચવાલીએ 7 ટકાનો ઘટાડો નોંધાયોઃ નિફ્ટી 500ના સૌથી ખરાબ પ્રદર્શનમાં સમાવેશ

**મુંબઈ, તા. 12:** વોડાફોન આઈડિયા અને ઈન્ડસ ટાવર્સના શેરમાં આજે જોરદાર વેચવાલી રહી હતી અને ઈન્ડસ ટાવર્સના શેરમાં 7 ટકાનો ઘટાડો નોંધાયો હતો, ત્યારે વોડાફોન આઈડિયામાં 6 ટકાનો ઘટાડો થયો હતો.

બંને શેરો નિફ્ટી 500ના સૌથી ખરાબ પ્રદર્શન કરનારા શેરોમાં પણ હતા. વોડાફોન આઈડિયાને નવો ઝટકો ત્યારે લાગ્યો જ્યારે તેના બંને મુખ્ય પ્રતિસ્પર્ધી રિલાયન્સ જિયો અને ભારતી એરટેલે એલોન મસ્કની કંપની સ્પેસએક્સ સાથે ભાગીદારી કરીને ભારતમાં સ્ટારલિંકની ઈન્ટરનેટ સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી છે.

આ જાહેરાત બાદ રિલાયન્સ ઈન્ડ.ના શેરમાં તાજેતરના નીચલા સ્તરેથી રીકવરી ચાલુ છે. બીજી તરફ, ભારતી એરટેના શેર શરૂઆતી તેજી બાદ લાલ નિશાનમાં આવ્યા હતા.

સ્ટારલિંક સેટેલાઈટ આધઆરિત હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવા છે. તે લો અર્થ ઓર્બિટ સેટેલાઈટ નેટવર્કનો ઉપયોગ કરીને દુર્ગમ વિસ્તારોમાં હાઈ સ્પીડ ઈન્ટરનેટ પહોંચાડવા માટે સક્ષમ છે. શાક વાત એ છે કે તેમાં પરંપરાગત મોબાઈલ નેટવર્ક જેવા ટાવર કે કેબલનો ઉપયોગ થતો નથી, પરંતુ સેટેલાઈટ દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવે છે. આના કારણે દેશની સૌથી મોટી ટાવર કંપની ઈન્ડસ ટાવર્સના શેરમાં પણ ઘટાડો નોંધાયો હતો.

આ ઉપરાંત, વોડાફોન આઈડિયાના યુઝર્શની ઘટતી સંખ્યાને કારણે પણ તેના શેર પર દબાણ સર્જાયું છે. ટેલિકોમ સેકટરના લેટેસ્ટ ડેટા અનુસાર, વોડાફોન આઈડિયાએ ડિસેમ્બરમાં 17.1 લાખ ગ્રાહકો ગુમાવ્યા હતા. જેના કારણે તેના કુલ ગ્રાહકોની સંખ્યા ઘટીને 20.72 કરોડ થઈ ગઈ છે. આ પહેલા નવેમ્બરમાં કંપનીએ 15 લાખ ગ્રાહકો ગુમાવ્યા હતા. કંપનીનો માર્કેટ શેર પણ 18.19 ટકાથી ઘટીને 18.01 ટકા પર આવી ગયો છે.

વોડાફોન તેના ગ્રાહકોની ઘટતી સંક્યાને રોકવા અને તેની ટેલિકોમ સેવાઓને મજબૂત બનાવવા માટે આગામી બે-ત્રણ વર્ષમાં મોટા પાયે મુડીરોકાણની યોજના બનાવી રહી છે. કંપનીને આશા છે કે આનાથી તેને જિયો અને એટેલ સાથે સ્પર્ધા કરવામાં મદદ મળશે.

જોકે, મોતીલાલ ઓશવાલના રિપોર્ટ મુજબ વોડાફોન આઈડિયાનો કેપેક્સ પ્લાન ત્યારે જ શક્ય બનશે જ્યારે તેને તેની લોન મળે અને સરકાર તરફથી વધુ રાહત મળે.

હાલમાં વોડાફોન આઈડિયાના શેરની કિંમત 6 ટકાના ઘટાડા બાદ હવે રૂ. 7ના સ્તર પર આવી ગઈ છે.શેર હવે તેની 2024ની ટોચની 64 ટકા નીચે છે. તેજ સમયે ઈન્ડસ ટાવર્સના શેર 6.7 ટકાના ઘટાડા સાથે રૂ. 318.45 પર ટ્રેડ કરી રહ્યા છે, તે પણ તેની તાજેતરની રૂ. 460ની ટોચની લગભગ 31 ટકા નીચે છે.

## નાણાકીય વર્ષ 2026માં ભારતીય અર્થવ્યવસ્થા 6.5 ટકાના દરે વૃદ્ધિ કરશે

**મૂડીગત** ખર્ચ, કર અને વ્યાજના દરમાં ઘટાડાથી વૃદ્ધિને ટેકો મળશેઃ મૂડીઝ

**મુંબઈ, તા. 12:** નાણાકીય વર્ષ 2025-26માં ભારતની અર્થવ્યવસ્થા 6.5 ટકાથી વધુની વૃદ્ધિ કરશે. જે ચાલુ નાણાકીય વર્ષ એટલે કે 2024-25ના 6.3 ટકાના અનુમાનથી વધારે છે. મૂડીઝ રેટિંગ્સે એક પોતાના રિપોર્ટમાં આ જાણકારી આપી છે. રિપોર્ટ મુજબ સરકાર વધારે મૂડી ખર્ચ કરશે. જોકે, છેલ્લા પાંચ વર્ષમાં જીડીપી દર નીચો રહેવાનું અનુમાન છે. ગત વર્ષે જીડીપી દર 8.2 ટકાનો રહ્યો હતો.

બીજી તરફ, ટેક્સમાં કાપ અને વ્યાજદરમાં ઘટાડાથી કન્ઝમ્પશન વધશે, જેનાથી ગ્રોથને સપોર્ટ મળશે. આ સમય દરમિયાન બેન્કિંગ ક્ષેત્રમાં સ્થિરતા રહેશે. આગામી નાણાકીય વર્ષમાં ભારતીય બેંકોનું સંચાલનનું વાતાવરણ અનુકૂળ રહેશે. પરંતુ ગત વર્ષમાં જરૂરી સુધારા બાદ તેમની એસેટ ક્વોલિટી નજીવી બગડી જશે.

ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષ 2024-2025 ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ 6.2 ટકા રહ્યો હતો. જે એક વર્ષ પહેલાના સમાન ત્રિમાસિક ગાળામાં 8.4 ટકા હતો. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (એનએસઓ)એ 28 ફેબ્રુઆરીએ આ આંકડા જાહેર કર્યા હતા.નાણાકીય વર્ષ 2024-2025માં અર્થવ્યવસ્થાનો વિકાસ દર 6.5 ટકા રહેવાનું અનુમાન છે.